અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોન:૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી તા.૦૯–૦૬–૨૩**

અરજદાર : શોએબ એ. કોલસાવાલા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી શોએબ એ. કોલસાવાલા આઈ.ડી.નં.૩૩૪, તા.૧૦–૦૫–૨૦૨૩ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની અપીલ નં.૨૦૨૩૩૦૦૦૨૯૨, તા.૦૯–૦૬–૨૦૨૩ ની અપીલ.

અરજદાર શ્રી શોએબ એ. કોલસાવાલા દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા.૧૦–૦૫–૨૦૨૩ થી જાહેર માહિતી અધિકારીશ્રી, કાયદા વિભાગનાં વડાશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૩૩૪ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૧૨–૦૫–૨૦૨૩ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૨૯૪, તા.૧૬–૦૫–૨૦૨૩ થી મળેલ છે. અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રથમ અપીલ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી, કાયદા વિભાગને તા.૦૯–૦૬–૨૦૨૩ થી કરવામાં આવેલ છે. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૬૩૨, તા.૧૩–૦૬–૨૦૨૩ થી મળેલ છે.

## <u>અપીલ તબકકે અરજદારની રજૂઆત</u>

અરજદાર શ્રી શોએબ એ. કોલસાવાલાએ અરજી અન્વયે મુદ્દાઓની ચર્ચા કરી સમજ આપેલ છે. જે મુજબ માહિતીનાં મુદ્દા નં. બાબતે દિન–૦૭ માં હુકમ કરવા જણાવવામાં આવેલ છે.

## <u>અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીની રજૂઆત</u>

જાહેર માહિતી અધિકારી રજા પર હોય સુનાવણીમાં ગેરહાજર હતા.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકતે અરજદારને તા.૨૦–૦૬–૨૦૨૩ નાં રોજ રૂબરૂ સુનાવણીમાં બોલાવામાં આવેલ. જેમાં અરજદાર ધ્વારા તેમની મૂળ અરજીનાં મુદ્દા નં.૧ અન્વયે માહિતી પુરી પાડવા રજુઆત કરવામાં આવેલ. જેથી અરજદારની મૂળ અરજી તેમજ રજુઆત ધ્યાને લેતાં, અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની મૂળ અરજીના મુદ્દા નં.(૧) ની માહિતી વિનામૂલ્યે દિન–૦૫ માં આપવાનો આથી જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર, કાયદા વિભાગને હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા.    –૦૬–૨૦૨૩

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ તથા માહિતી વિનામૂલ્યે આપી અમલ કરાવવા માટે.

(૨) અરજદાર શ્રી શોએબ એ. કોલસાવાલા, ૧૨/૭૫૫, કોલસાવાલા એપાર્ટમેન્ટ, રાણી તળાવ, સુરત–૩ તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૩૩૦૦૦૫૨૧**

**તા.૧૮–૦૮–૨૩**

અરજદાર : શ્રી યોગેશ શિવલાલ ઠુંમર

સામાવાળા : અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી યોગેશ શિવલાલ ઠુંમર આઈ.ડી.નં.૯૪૨, તા.૧૩–૦૭–૨૦૨૩ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

અરજદાર શ્રી યોગેશ શિવલાલ ઠુંમર દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા.૧૩–૦૭–૨૦૨૩ થી આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી, કાયદા ખાતુ, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૯૪૨ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૧૫–૦૫–૨૦૨૩ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૮૦૭, તા.૧૭–૦૭–૨૦૨૩ થી મળેલ છે. આઈ.ડી.નં.૯૪૨, તા.૧૩–૦૭–૨૦૨૩ સંદર્ભે અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રથમ અપીલ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી, કાયદા વિભાગને તા.૧૮–૦૮–૨૦૨૩ થી કરવામાં આવેલ છે. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૯૫૧, તા.૧૯–૦૮–૨૦૨૩ થી મળેલ છે.

**અપીલ તબકકે અરજદારની રજૂઆત**

અરજદાર શ્રી યોગેશ શિવલાલ ઠુંમરનને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૩૧–૦૮–૨૦૨૩ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર તારીખે અપીલ સુનાવણીમાં તેઓ ગેરહાજર રહેલ. જેથી ફરીથી તા.૧૩–૦૯–૨૦૨૩ નાં રોજ હાજર રહેવા જણાવેલ. તેમ છતાં બીજી સુનાવણીમાં પણ તેઓ ગેરહાજર રહેલ.

***હુકમ***

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકતે અરજદારને તા.૩૧–૦૮–૨૦૨૩ તથા તા.૧૩–૦૯–૨૦૨૩ નાં રોજ રૂબરૂ સુનાવણીમાં બોલાવામાં આવેલ. જેમાં અરજદાર ગેરહાજર રહેલ. વધુમાં, મુળ અરજી નં.૯૪૨, તા.૧૩–૦૭–૨૦૨૩ ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૧૫–૦૫–૨૦૨૩ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૮૦૭, તા.૧૭–૦૭–૨૦૨૩ થી મળેલ છે. સદર અરજીમાં જણાવવામાં આવેલ કેસની વિગતો ટાઉન પ્લાનીંગ વિભાગને લાગત હોય કાયદા વિભાગ/આર.ટી.આઈ.સેલ/આ.નં./૪૫૧, તા.૨૧–૦૭–૨૦૨૩ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી, ટી.પી. વિભાગ, સુરત મહાનગરપાલિકાને અરજી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. જેથી આપના ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૯–૨૦૨૩

પ્રતિ,

અરજદાર શ્રી યોગેશ શિવલાલ ઠુંમર, ૨૮, સત્તાધાર કૃપા સોસાયટી, એ.કે. રોડ, વરાછા, સુરત તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

ઈ.ચા.અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોન:૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૩૩૦૦૦૬૨૪**
**તા.૦૬–૧૨–૨૩**

અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા

સામાવાળા : ઈ.ચા.અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**ફરીયાદની હકીકત :–**

વિષય :– આઈ.ડી.નં.૧૫૭૬ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી/આરટીઆઈ/૩૪૪, તા.૦૩–૧૦–૨૦૨૩ (કોમ્પ્યુટર આઈ.ડી. નં.૩૦૦/૫૬૫૩૩) જે અત્રેના ખાતાને તા.૦૪–૧૦–૨૦૨૩ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં.૧ અન્વયે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી હોવાનું જણાવી તા.૦૬–૧૨–૨૦૨૩ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

**અપીલના મુદ્દા :–**

અરજદારે અપીલમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૧૫૭૬ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી/આરટીઆઈ/૩૪૪, તા.૦૩–૧૦–૨૦૨૩ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૬૫૩૩) જે અત્રેના ખાતાને તા.૦૪–૧૦–૨૦૨૩ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં.૧ અન્વયે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી હોવાનું જણાવી તા.૦૬–૧૨–૨૦૨૩ થી કરેલ પ્રથમ અપીલ અરજી અત્રેના અપીલ રજીસ્ટરે ક્રમ નં.(૩) અપીલ નં.૨૦૨૩૩૦૦૦૬૨૪/૨૦૨૩–૨૪ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.લો ઓફિસરશ્રીને નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફે પૂર્તતા :–**

જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી/આરટીઆઈ/૩૪૪, તા.૦૩–૧૦–૨૦૨૩ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૬૫૩૩) જે અત્રેના ખાતાને તા.૦૪–૧૦–૨૦૨૩ નાં રોજ મળેલ છે. કાયદા ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેનાં પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૮૩૬, તા.૧૮–૧૦–૨૦૨૩ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| માંગેલ માહિતીની વિગત | પૂર્તતા |
|---|---|
| સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી ધ્વારા ધી બી.પી.એમ.સી. એકટની લાગુ કલમ / પેટાકલમથી કમિશનરને આપેલ તમામ સત્તા (પાવર્સ) પૈકીની સત્તા (પાવર્સ) તેમના તાબા હેઠળના અધિકારીઓને/કર્મચારીઓને સુ.મ.પા.નાં વહીવટ હેતુસર આજદિન સુધીના તમામ સુપ્રત કરેલ/સોંપેલ/આપવામાં આવેલ **DP POWER'S** ની માહિતીની પ્રમાણિત નકલ આપવી. | માંગેલ માહિતી મેળવવા એક પાનાનાં રૂા.૨.૦૦ લેખે કુલ ૨૯ પાનાનાં કુલ રૂા.૫૮.૦૦ ભર્યેથી નકલ આપવામાં આવશે. |

અરજદારની નમૂના–ક ની અરજીની વિગતોમાં માંગેલ માહિતીની પૂર્તતામાં જણાવ્યા મુજબ " અત્રેના વિભાગના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા તમોને આપવા જોગ માહિતીના પાના દીઠ રૂા.૨.૦૦ લેખે કુલ રૂા.૫૮.૦૦ (અંકે રૂપિયા અઠ્ઠાવન) સુરત મહાનગરપાલિકાના સિવિક સેન્ટરમાં જમા કરાવી, તે રસીદની નકલ રજુ કર્યેથી તમોને આપવા જોગ માહિતી પુરી પાડવામાં આવશે " મુજબનો અરજદારને પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૮૩૬, તા.૧૮–૧૦–૨૦૨૩ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પૂર્તતા) પાઠવવામાં આવેલ. જે સબબ રસીદ નં.૩૦૦/૧૨૦, તા.૨૧–૧૦–૨૦૨૩ નાં રોજ, સેન્ટ્રલ ઝોન, સિવિલ સેન્ટર ખાતે રૂા.૫૮/– જમા કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.કાયદા ખાતુ/આરટીઆઈ/૮૮૬, તા.૨૬–૧૦–૨૦૨૩ થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ છે.

**સુનાવણીની વિગતો :–**

અરજદારની અપીલ અરજી સંદેર્ભ માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૨૨–૧૨–૨૦૨૩ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર તારીખે અપીલ સુનાવણીમાં તેઓ ગેરહાજર રહેલ. જેથી ફરીથી તા.૨૯–૧૨–૨૦૨૩ નાં રોજ હાજર રહેવા જણાવેલ. તેમ છતાં બીજી સુનાવણીમાં પણ તેઓ ગેરહાજર રહેલ. વધુમાં, સદર બંને તારીખે અરજદાર ગેરહાજર રહેલ હોય સુનાવણીની તક આપવા સંદર્ભે તા.૦૬–૦૧–૨૦૨૪ નાં રોજ ફરીથી હાજર રહેવા જણાવેલ. પરંતુ છેલ્લી સુનાવણીમાં પણ અરજદાર ગેરહાજર રહેલ.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારની નમૂના–ક ની અરજીની વિગતોમાં માંગેલ માહિતીની પૂર્તતામાં જણાવ્યા મુજબ " અત્રેના વિભાગના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા તમોને આપવા જોગ માહિતીના પાના દીઠ રૂા.૨.૦૦ લેખે કુલ રૂા.૫૮.૦૦ (અંકે રૂપિયા અઠ્ઠાવન) સુરત મહાનગરપાલિકાના સિવિક સેન્ટરમાં જમા કરાવી, તે રસીદની નકલ રજુ કર્યેથી તમોને આપવા જોગ માહિતી પુરી પાડવામાં આવશે " મુજબનો અરજદારને પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૮૩૬, તા.૧૮–૧૦–૨૦૨૩ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પૂર્તતા) પાઠવવામાં આવેલ. જે સબબ રસીદ નં.૩૦૦/૧૨૦, તા.૨૧–૧૦–૨૦૨૩ નાં રોજ, સેન્ટ્રલ ઝોન, સિવિલ સેન્ટર ખાતે રૂા.૫૮/– જમા કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.કાયદા ખાતુ/આરટીઆઈ/૮૮૬, તા.૨૬–૧૦–૨૦૨૩ થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે અને અરજદાર ધ્વારા પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ :–**

અરજદારની પ્રસ્તુત અપીલ અન્વયે સંબંધિત પક્ષકારને તા.૨૨–૧૨–૨૦૨૩, તા.૨૯–૧૨–૨૦૨૩ નાં રોજ સવારે ૧૧.૩૦ કલાકે હાજર રહેવા જણાવેલ. પરંતુ પક્ષકાર સુનાવણીમાં હાજર રહયા ન હતા. જેથી ન્યાયના હિતમાં અરજદારશ્રીને રૂબરૂમાં સાંભળવા માટે તા.૦૬–૦૧–૨૦૨૪ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે સુનાવણી યોજવામાં આવેલ છે. પરંતુ સદર સુનાવણીમાં પણ અરજદાર હાજર રહેલ નહિ. જેથી સદર સમયગાળો ધ્યાને લેવા જોગ છે. આથી પ્રસ્તુત અપીલનો ગ્રેસ પીરીયડમાં નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અરજીની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.લો ઓફિસરશ્રી ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં, પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ હુકમથી નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, " કર્મયોગી ભવન " બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦એ, ગાંધીનગર–૩૮૨૦૧૦, ગુજરાતને કરી શકશો.

વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરવા તમો હકકદાર છો.

ઈ.ચા.લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૧–૨૦૨૪

પ્રતિ,

(૧) અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા, ૧૨/૭૭૪, રાણી તળાવ, મોટી મસ્જિદની બાજુમાં, સુરત. મો.નં.૮૮૬૬૬–૮૮૫૭૯ તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.લો ઓફિસરશ્રી (કાયદા ખાતુ) પ્રતિ, જાણ સારૂ.